અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૧/૨૦૧૬–૧૭,
તા. ૨૦/૦૫/૨૦૧૬
ફોન નં–૯૭૨૪૩૪૫૪૧૬

અરજદારઃ– શ્રી સંજય આર. પાઠક

સામાવાળાઃ– જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય આર. પાઠકની તા.૨૯/૦૨/૨૦૧૬ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૯ ની માંગવામાં આવેલ વિવિધ માહિતી પૈકી સ્લમ અપ્રગેડેશન વિભાગને અંશતઃ લાગત મુદ્દા નં. ૪ તા.૧૯/૧૨/૨૦૧૫ નાં રોજ સંદેશ દૈનિકમાં છપાયેલ અહેવાલ " અડાજણમાં પાલિકાનાં બંધ આવાસો બારોબાર પધરાવી દેવાની મોટી ખેલ" વિગેરે... સદર બાબતે સુરત મહાનગરપાલિકાનાં સંબંધિત વિભાગો ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઓની માહિતી રેકર્ડ આધારે પ્રમાણિત નકલો તથા મુદ્દા નં.૬, ૭ અને ૮ ની માહિતી પૂરી પાડવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા.૨૦/૦૫/૨૦૧૬ ની SUC / SMC / FAP/ નં. ૦૧ ૨૦૧૬–૧૭

શ્રી સંજય આર. પાઠકની તા.૨૯/૦૨/૨૦૧૬ ની અરજીના મુદ્દા નં.૧ થી ૯ ની માંગવામાં આવેલ વિવિધ માહિતી પૈકી સ્લમ અપ્રગેડેશન વિભાગને અંશતઃ લાગત મુદ્દા નં. ૪ તા.૧૯/૧૨/૨૦૧૫ નાં રોજ સંદેશ દૈનિકમાં છપાયેલ અહેવાલ " અડાજણમાં પાલિકાનાં બંધ આવાસો બારોબાર પધરાવી દેવાની મોટી ખેલ" વિગેરે બાબતે સુરત મહાનગરપાલિકાનાં સંબંધિત વિભાગો ધ્વારા કરવામાં આવેલ કાર્યવાહીઓની માહિતી રેકર્ડ આધારે પ્રમાણિત નકલો તથા મુદ્દા નં. ૪ થી ૯ ની માહિતી પૂરી પાડવા બાબત તા.૨૩/૦૩/૨૦૧૬ નાં રોજ આપેલ પ્રત્યુતરથી નારાજ થઈ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને તા.૧૮/૦૫/૨૦૧૬ નાં રોજ અપીલ કરવામાં આવેલ છે. જે નિયત સમયમર્યાદા બહારની છે.

જે સંદર્ભે અરજદાર મજકુર અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન – ૦૩ માં નીચે સહી કરનારને પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)નો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા અત્રેનાં પત્ર નં.એસયુસી/આઉટ/નં./૨૫ તા.૨૭/૦૫/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) એ પત્ર નં.એસયુસી/આઉટ/૩૭૮૨ તા.૨૩/૦૩/૨૦૧૬ થી અરજદાર મજકુરને પ્રત્યુતર પાઠવતા પત્રની નકલ તા.૦૪/૦૬/૨૦૧૬ ના રોજ નીચે સહી કરનારને પૂરી પાડેલ.

અરજદાર મજકુરની તા.૨૯/૦૨/૨૦૧૬ નાં રોજ ની માહિતી બાબતની અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી સીસીસી/સી.ઝેડ/ આરટીઆઈ/આઉટ/૧૬૨૦ તા.૦૩/૦૩/૨૦૧૬ થી સ્લમ અપગ્રેડેશન વિભાગ ખાતે તબદીલ કરવામાં આવેલ. જે અત્રેનાં વિભાગ ખાતે એસયુસી/ઈન/નં.૧૨૨ તા.૦૯/૦૩/૨૦૧૬ થી નોંધવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) તરફથી તા.૨૩/૦૩/૨૦૧૬ નાં રોજ પત્ર નં.એસયુસી/આઉટ/નં./૩૭૮૨ થી મુદ્દા નં.૪ અને ૮ અન્વયે સદર બાબતે અડાજણ વિસ્તારમાં યોજનાનું નામ, ટી.પી.સ્કીમ નંબર તેમજ ફા.પ્લોટની સ્પષ્ટતા થયેથી રેકર્ડ અધારિત માહિતી આપી શકાય. મુદ્દા નં.૬ અન્વયે લાભાર્થીઓને આવાસનો કબજો સોપ્યેથી ૧૦ વર્ષ સુધી તબદીલ કરી શકાતા નથી. મુદ્દા નં.૭ અન્વયે આવાસનો કબજો સોપ્યેથી આવાસ સાચવવાની જવાબદારી લાભાર્થીઓની પોતાની રહે છે. મુદ્દા નં.૮ આવો કોઈ પણ પ્રકારનો રેકર્ડ ઉપલબ્ધ નથી એ મુજબ પ્રત્યુતર પાઠવવામાં આવેલ.

આ બાબતે પ્રથમ અપીલ તબકકે નીચે મુજબની હકીકત અવલોકનમાં લેવા જોગ છે.

મુદ્દા નં. ૪ અને ૮ અન્વયે અરજદાર મજકુરે રજુ કરેલ "સંદેશ" દૈનિક વર્તમાન પત્રમા તા. ૨૨/૧૨/૨૦૧૫ ના પેપર કટીંગમાં પ્રસિધ્ધ થયેલ સમાચારમાં વરાછા ઝોન વિસ્તારમાં આવેલ નવી ટાંકીપાળ ઝુંપડપટ્ટીના ૯૬ પરિવારોને આવાસો ફાળવવામાં આવેલ છે તેવો ઉલ્લેખ છે. જે ધ્યાને લેતા નવી ટાંકીપાળ ઝુંપડપટ્ટીના ૯૧ લાભાર્થીઓને તા. ૦૭/૦૨/૨૦૧૪ ના રોજ ડ્રો કરી ટી.પી.સ્કીમ નં. ૩૧(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૯૧ ખાતે બિલ્ડીંગ નં. ૮, ૯, ૧૦ પૈકીમાં આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. તે અંગેની લાભાર્થીની યાદી સહિતની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને પુરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં. ૬ અને ૭ અન્વયે JnNURM-BSUP યોજના અંતર્ગતના આવાસો સ્થળાંતરપાત્ર ઝુંપડાવાસીઓને ફાળવવા સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૧૪/૨૦૦૯, તા. ૦૨/૦૭/૨૦૦૯ થી મંજુર

થયેલ નીતિનિયમો/ગાઈડલાઈનની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને પુરી પાડેલ જણાતી નથી. મુદ્દા નં. ૫ માં જણાવેલ બાબતની કાર્યવાહી સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન (રાંદેર) ના કાર્યક્ષેત્રમાં આવે છે. જેથી મુદ્દા નં. ૫ અને ૯ ની માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતી નથી.

**–ઃ હુકમ ઃ–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯/૦૨/૨૦૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં. ૪ અને ૮ અન્વયે પ્રથમ અપીલ તબકકે સ્પષ્ટતા થયેલ હોઈ મુદ્દા નં. ૪ અન્વયે અત્રેથી કોઈ કામગીરી થયેલ હોય તો રેકર્ડ આધારિત ઉપલબ્ધ માહિતી તથા મુદ્દા નં. ૮ અન્વયે વરાછા ઝોન વિસ્તારની નવી ટાંકીપાળ ઝુંપડપટ્ટીના ૯૧ લાભાર્થીઓને તા. ૦૭/૦૨/૨૦૧૪ ના રોજ ડ્રો કરી ટી.પી.સ્કીમ નં. ૩૧(અડાજણ), ફા.પ્લોટ નં. ૧૯૧ ખાતે બિલ્ડીંગ નં. ૮, ૯, ૧૦ પૈકીમાં આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે. તે લાભાર્થીઓની યાદી સહિતની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ અરજદાર મજકુરને દિન–૭ માં વિના મુલ્યે પુરી પાડવા તથા મુદ્દા નં. ૬ અને ૭ અન્વયે મજકુર આવાસો સ્થાયી સમિતિ ઠરાવ નં. ૧૮૩૮/૨૦૦૭, તા. ૨૮/૧૨/૨૦૦૭ તથા સ્થાયી સમિતિ ઠરાવ નં. ૮૧૪/૨૦૦૯, તા. ૦૨/૦૭/૨૦૦૯ થી મંજુર થયેલ ગાઈડલાઈનને આધિન ફાળવવામાં આવેલ હોય, સદર ઠરાવની નકલો અરજદાર મજકુરને દિન–૭ માં વિના મુલ્યે પુરી પાડવા હુકમ કરવામાં આવે છે. મુદ્દા નં. ૫ અને ૯ ની માહિતી સુરત મહાનગરપાલિકાની પશ્ચિમ ઝોન કચેરીમાંથી મેળવવા અરજદાર મજકુર સ્વતંત્ર છે.

ઉપરોકત હુકમથી અસંતોષ હોય તો અરજદાર ૯૦(નેવું) દિવસની અંદર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯(૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં બીજી અપીલ કરી શકે છે.

(પી. આર. શાહ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એન.ઝેડ/આરટીઆઈસેલ/ ૪૫
તારીખઃ– ૧૪/૦૬/૨૦૧૬

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૨) શ્રી સંજય આર પાઠક, ૫/૫૩, રંગવાલા મેન્સન, દાઉદનગર, ઉધના, સુરત પ્રતિ.... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

અપીલ અરજી નં. એસયુસી/RTI/ઈન/૪૭,
તા. ૨૦/૦૬/૨૦૧૬
ફોન નં–૯૭૨૪૩૪૫૪૧૬

અરજદાર:– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

સામાવાળા:– જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકત:–**

વિષય:– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા. ૧૦/૦૨/૨૦૧૬ ની અરજી, આઈ.ડી. નં. ૬૧૨ સંદર્ભે કરેલ અપીલ બાબત.

સંદર્ભ:– અરજદાર મજકુરની અપીલ તા.૦૭/૦૬/૨૦૧૬ ની અપીલ અરજી નં. D /2454

શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦/૦૨/૨૦૧૬ ની મૂળ અરજી, આઈ.ડી. નં. ૬૧૨ ના સ્લમ અપ્રગેડેશન વિભાગને લાગત મુદ્દા નં. ૨, ૪ ની જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે. ઈજનેરશ્રી ધ્વારા તેઓના પત્ર નં. એસયુસી/આ./૩૫૨૩, તા.૦૫/૦૩/૨૦૧૬ થી જરૂરી પૂર્તતા કરી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે સંદર્ભે અરજદાર ધ્વારા તા. ૦૭/૦૬/૨૦૧૬ ના નાં રોજ જુદા જુદા પ્રકારના અનેક કારણો દર્શાવી તથા સદર આર.ટી.આઈ. અરજમાં જણાવેલ બાબતો કરતાં અન્ય પ્રકરણો / દાખલાઓનો ઉલ્લેખ કરી અપીલ અરજી દાખલ કરેલ છે.

પ્રસ્તુત વિગતે મજકુર અરજદારની તા. ૧૦/૦૨/૨૦૧૬ ની મૂળ અરજી આઈ.ડી. નં. ૬૧૨ સ્લમ અપગ્રેડેશન વિભાગને લાગત જણાતાં મુદ્દા નં. ૨ અને ૪ ની વિગત તથા તે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા કરવામાં આવેલ પૂર્તતા નીચે મુજબ છે.

મુદ્દા નં. ૨ઉપરોકત (૧) ના સંદર્ભ અન્વયે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના તાબા હેઠળ આવતી તમામ સાત ઝોન ઓફીસો અને મુખ્ય વહીવટી કચેરીમાં ફરજ બજાવતાં તમામ જુની. એન્જીનીયરો અને તેઓની સમકક્ષની કેડરમાં ફરજ બજાવતાં અન્ય તમામ વિભાગના નોન ટેકનીકલ કર્મચારીઓ, ડે. એન્જીનીયરો અને તેઓની સમકક્ષની કેડરમાં ફરજ બજાવતાં અન્ય તમામ વિભાગના નોન ટેકનીકલ કર્મચારીઓ તથા સરકારી નિયમોનુસાર અધિકારી / કર્મચારી વર્ગ–૨ અને. વર્ગ–૧ ની કક્ષામાં આવતાં તમામ વિભાગના તમામ ઉપરી અધિકારીઓ અન્વયેની માહિતી આપવી. સદર ઉપરોકત તમામના પુરા નામ, સરનામા વિષેની માહિતી તેઓનાં ચુંટણી ઓળખપત્ર મુજબની આપવી.

મુદ્દા નં. ૪ તા. ૧૯/૦૧/૨૦૧૬ ના રોજ અમોએ RTI ACT 2005 નાં નિયમ ૧૯ (૧) અન્વયે ધોરણસર રીતે કરેલી પ્રથમ અપીલ અરજી જે જે સંબંધિત અપીલ અધિકારીશ્રીઓને તબદીલ કરવામાં આવેલ છે તેવા તમામ અપીલ અધિકારીશ્રીઓના પુરા નામ, તેઓના ચૂંટણી ઓળખપત્ર અન્વયેના, તેઓના હોદ્દા, હાલના ફરજના સ્થળનું સરનામું, અપીલ અરજી તબદીલ કરાયેલ હોય તે તારીખ, મળ્યાની તારીખ વિગેરેની સંપૂર્ણ દસ્તાવેજી માહિતી. કેન્દ્ર સરકારના પર્સોનલ એન્ડ ટ્રેઈનીંગ ડીપાર્ટમેન્ટ ધ્વારા તાજેતરમાં જ આદેશાત્મક પરિપત્ર પ્રસિધ્ધ કરી તમામ વિભાગોને ગાઈડલાઈન આપવામાં આવી છે કે એક જ સત્તા મંડળની અરજી એક જ દિવસમાં તબદીલ કરવી તે જાણ માટે.

જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં. એસયુસી/આ./૩૫૨૩, તા. ૦૫/૦૩/૨૦૧૬ થી અરજદાર મજકુરને નીચે મુજબનો જવાબ આપવામાં આવેલ છે.

પૂર્તતા–૨ સ્લમ અપગ્રેડેશન વિભાગમાં ફરજ બજાવતાં અધિકારી / કર્મચારીઓની અંગત બાબતો સિવાયની માહિતી અરજદાર મજકુર સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પરથી મેળવી શકશો.

પૂર્તતા–૪ તા. ૧૯/૦૧/૨૦૧૬ ની પ્રથમ અપીલ અન્વયે સદર અરજીના આઈ.ડી. નંબર, તારીખ અને કયા માહિતી અધિકારી સમક્ષ અરજી કરવામાં આવેલ તેની વિગતો રજુ કર્યેથી માહિતી આપી શકાય.

આમ, જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી , સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા ઉપરોકત મુદ્દા નં. ૨ અને ૪ બાબતે કરવામાં આવેલ પૂર્તતા વ્યાજબી અને યોગ્ય જણાતી હોય, તેમાં હસ્તક્ષેપ કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતું ન હોય, પ્રસ્તુત અપીલ અરજી દફતરે કરી અપીલ અરજીનો નીચેના હુકમ મુજબ નિકાલ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદાર શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની તા.૧૦/૦૨/૨૦૧૬ ની મૂળ અરજી, આઈ.ડી. નં. ૬૧૨ થી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં. એસયુસી/આ./૩૫૨૩, તા. ૦૫/૦૩/૨૦૧૬ થી અરજદારને પુરી પાડવામાં આવેલ હોય, આ અંગે અરજદાર મજકુર તરફથી મુદ્દા નં. ૨ ની હાર્ડકોપીની માંગણી થયેથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગે અરજદાર મજકુરને વિના મુલ્યે દિન–૭ માં પુરી પાડવાની રહેશે.

ઉપરોકત હુકમથી આપ નારાજ હોય તો, હુકમ મળ્યા તારીખથી ૯૦ દિવસમાં રાજય માહિતી કમિશનરશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, ૨ જો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર – ૧૦/એ, ગાંધીનગરને લેખિતમાં બીજી અપીલ કરી શકશો.

(પી. આર. શાહ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આર.ટી.આઈ/આ./નં. ૬૨
તારીખઃ– ૨૦/૦૭/૨૦૧૬

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૨) શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ, ૫૩, હંસ સોસાયટી, નવાગામ, વરાછા રોડ, સુરત પ્રતિ.... તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેનાં હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.
(૩) સેકશન ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ, સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

મોબાઈલ : ૯૭૨૪૩૪૫૪૧૬

એસયુસી/આઉટ નં./0૪
તા. ૨૭/0૯/૨0૧૬

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/07/2016-17
તા. ૨૩.0૮.૨0૧૬
મો. નં. ૯૭૨૪૩૪૫૨૧૬

અરજદાર : શ્રી દેવેન ચોપરા,
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)
ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી. આઈ. એકટ હેઠળ શ્રી દેવેન ચોપરા માહિતી માંગતી અરજી આઈ. ડી. નં. ૪૧, તા. ૧૫/0૭/૨0૧૬ બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/0૭/૨0૧૬–૧૭, તા. ૨૩.0૮.૨0૧૬

શ્રી દેવેન ચોપરાની આર. ટી.આઈ. એકટ હેઠળ આઈ.ડી.નંબર ૪૧ થી નીચે જણાવેલ મુદ્દા નં. (૧) થી (૫) ની માહિતી પૂરી પાડવા જણાવેલ.

1. Please disclose the date of receipt of above referred in your office. Please provide copy of relevant receipt register / document wherein the receipt of letter has been recorded after it receipt through post.
2. Please provide the details of action taken on above referred letter after its receipt as per information provided in response of SI no 1 above.
3. The details of reminders received from M/s. DATA TECHNOSYS (Engineers) Pvt. Ltd. on the above referred letter.
4. Copy of the relevant clause of the agreement on release of Performance Security after finalization of the Final Bill may please also provided.
5. Please provide information as well as document disclosing Official orders / instructions which empowered this office to withhold the release of Performance Security even after submission of the application for release of the same consequent to completion of period of agreement including defect Liability Period.

જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગે તા.૧૧.0૮.૨0૧૬ ના પત્ર નં. એસયુસી/આ./૭૫ થી પૂરી પાડેલ માહિતીથી નારાજ થઈને અરજદાર મજકુરે અપીલ અરજી નં. સીસીસી/આરટીઆઈ/આ./0૯, તા. ૨૩/0૮/૨0૧૬ થી જાહેર માહિતી અધિકારી, નાગરીક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનને કરેલ. જે અપીલ અરજી તબદીલ થઈ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને અપીલ અરજી નં. એસયુસી/અપીલ/0૭/૨0૧૬–૧૭, તા. ૨૩/0૮/૨0૧૬ ના રોજ મળેલ. અરજદાર મજકુરની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને પત્ર નં. એસયુસી/અપીલ/0૨, તા. 0૮/0૯/૨0૧૬ થી પત્ર લખી મૂળ અરજીની નકલ આપેલ, માહિતીની નોંધ વિભાગ, આપવાજોગ પૂરક માહિતીની વિગતો વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા દિન–૩ માં અપીલ અધિકારી અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને પહોંચતી કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશને તેઓના પત્ર નં. એસયુસી/ઈન/0૯, તા. 0૮/0૯/૨0૧૬ થી માહિતી પુરી પાડેલ. જે જોતા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારને નીચેની વિગતની માહિતી તા. ૧૧/0૮/૨0૧૬ ના પત્ર નં. એસયુસી/આ/૭૫ થી આપેલ હોવાનું જણાય છે.

- મુદ્દા નં. ૧ તથા ૩ માં જણાવ્યા મુજબના પત્રો અત્રે મળ્યા અંગેની નોંધ કર્યા અંગેના રજીસ્ટરના પાના નંગ – ૪ અને મુદ્દા નં. ૪ માં જણાવ્યા મુજબ S.D. છુટી કરવા બાબતના Clause ની નકલના પાના નં. – ૨ એમ મળી કુલ પાના નંગ – ૬ ના પાના દીઠ રૂા. ૨/– લેખે કુલ નિયત ફી રૂા. ૧૨/– સુરત મહાનગરપાલિકાના કોઈપણ નાગરીક સુવિધા કેન્દ્ર પર ભરપાઈ કરી તેની જાણ અત્રે કર્યેથી ઉકત મુજબની નકલો પાઠવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- મુદ્દા નં. ૨ અને ૪ માં જણાવ્યા મુજબની વિગતો બાબતે થયેલ કાર્યવાહીનો કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી.

- વધુમાં અરજદાર મજકુર તરફથી માંગેલ માહિતી અન્વયે ઉપરોકત માહિતી સિવાય વધુ માહિતીની જરૂરીયાત હોય તો અત્રે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી દિન–૭ માં અત્રેની કચેરીએથી આગોતરી સમય મેળવી નીતિ નિયમ મુજબ દફતરી ઈન્સ્પેકશન કરી ખપ પુરતી નકલો મેળવી શકશો એમ જણાવેલ છે.

આ બાબતે નીચેની વિગતો ધ્યાને લેવાજોગ છે.

અરજદાર મજકુરે આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી મેળવવા તા. ૦૧/૦૬/૨૦૧૬ ની અરજીથી જાહેર માહિતી અધિકારી (SUC) ને રૂા. ૧૦/– પોસ્ટલ ઓર્ડર ફી સાથે અરજી કરેલ. જે અન્વયે સેકશન ઓફિસરશ્રી (SUC) ના પત્ર નં. SUC/OUT/No/ ૫૦, તા. ૨૭/૦૬/૨૦૧૬ થી અરજદાર મજકુરને જણાવેલ કે ગુજરાતમાં આર.ટી.આઈ. એકટ હેઠળ માહિતી મેળવવા નિયત ફી રૂા. ૨૦/– છે. જેથી રૂા. ૧૦/– ના પોસ્ટલ ઓર્ડરથી ભરેલ ફી નિયત ફી કરતા ઓછી છે જેથી રૂા. ૧૦/– નો બીજો પોસ્ટલ ઓર્ડર મળ્યેથી અરજદાર મજકુરની અરજી અન્વયે કાર્યવાહી હાથ ધરી શકાશે. જેના સંદર્ભમાં અરજદાર મજકુરે તા. ૦૨/૦૭/૨૦૧૬ થી રૂા. ૧૦/– નો બીજો પોસ્ટલ ઓર્ડર જાહેર માહિતી અધિકારીશ્રી (SUC) ને મોકલી આપેલ જે અન્વયે સેકશન ઓફિસરશ્રી (SUC) ધ્વારા રૂા. ૧૦/– ના બે ભારતીય પોસ્ટલ ઓર્ડર રોકડમાં ઉપાડ કરાવી રસીદ નં. ૨૦૦/૮૩, તા. ૧૫/૦૭/૨૦૧૬ થી નિયત ફી રૂા. ૨૦/– આર.ટી.આઈ. ફી પેટે વસુલ લેવામાં આવેલ. આમ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. એસયુસી/આ./૦૯, તા. ૦૮/૦૯/૨૦૧૬ થી જણાવ્યા મુજબ અરજદાર મજકુરની અરજી આઈ.ડી.નં. ૪૧, તા. ૧૫/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેના વિભાગમાં નોંધાયેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ના પત્ર ક્રમાંક નં. એસયુસી/આઉટ વર્ડ નં. ૭૫, તા. ૧૧/૦૮/૨૦૧૬ થી માહિતી જવાબ તથા નકલ ફીના નાણાં ભરવા માટે સમયમર્યાદામાં પત્ર પાઠવવામાં આવેલ છે જે અન્વયે અરજદાર મજકુરે તેઓના તા. ૦૭/૦૯/૨૦૧૬ ના પત્રથી (કે જે અત્રે તા. ૧૨/૦૯/૨૦૧૬ ના રોજ મળેલ છે.) જણાવ્યા મુજબ અત્રેનો પત્ર નં. એસયુસી/આ/૭૫, તા. ૧૧/૦૮/૨૦૧૬ ગુજરાતીમાં હોવાથી ગુજરાતી જાણકાર વ્યકિતને શોધીને સદર પત્ર ટ્રાન્સલેટ કરાવેલ તેનાથી તેઓને માહિતી મેળવવા રૂા. ૧૨/– નું પેમેન્ટ કરવાનું છે તેની જાણકારી મળેલ અને તે બાબત લક્ષમાં લઈ રૂા. ૨૦/– નો ભારતીય પોસ્ટલ ઓર્ડર મોકલી ડોકયુમેન્ટસની નકલ માંગેલ. જે પોસ્ટલ ઓર્ડર અત્રેના વિભાગના સેકશન ઓફિસરશ્રી ધ્વારા રોકડમાં ઉપાડ કરાવી રસીદ નં. ૨૦૦/૯૫, તા. ૧૭/૦૯/૨૦૧૬ થી નિયત ફી રૂા. ૧૨/– જમા કરાવેલ છે અને બાકી રકમ રૂા. ૮/– અત્રેના વિભાગના સેકશન ઓફિસરશ્રી પાસે જમા છે જે અરજદારશ્રી તેઓની અનુકુળતા મુજબ મેળવી શકશે. નકલ મેળવવાની નિયત ફી જમા થયેલ હોય જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને અત્રેના પત્ર ક્રમાંક એસયુસી/આ/નં. ૧૦૧, તા. ૧૭/૦૯/૨૦૧૬ થી માહિતી નકલ પાઠવવામાં આવેલ છે તથા મુદ્દા નં. ૫ અન્વયે પત્રક્રમાંક એસયુસી/આ./નં. ૧૦૭, તા. ૨૨/૦૯/૨૦૧૬ થી માહિતી જવાબ પાઠવવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની ઉપરોકત હકીકત લક્ષી વિગતો ધ્યાને લેતા મુદ્દા નં. ૧, ૩ તથા ૪ ની માહિતી પુરી પાડવા અરજદાર મજકુરને તા. ૧૧/૦૮/૨૦૧૬, આઉટ વર્ડ નં. ૭૫ થી રૂા. ૧૨/– ભરવા જણાવેલ તે અનુસંધાને અરજદારશ્રીએ ઉપરોકત વિગતે તા. ૧૭/૦૯/૨૦૧૬ થી રૂા. ૧૨/– જમા કરાવેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા માહિતીની નકલ પત્ર નં. એસયુસી/આઉટ વર્ડ નં. ૧૦૧, તા. ૧૭/૦૯/૨૦૧૬ થી અરજદારને પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં. ૨ અને ૪ અન્વયે કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી. તેમાં શરતચૂકથી મુદ્દા નં. ૨ અને ૫ ને બદલે મુદ્દા નં. ૨ અને ૪ નો ઉલ્લેખ થયેલ છે. જેથી આ મુદ્દા નં. ૨ માં જણાવેલ બાબતે કોઈ કાર્યવાહી થયેલ નથી અને મુદ્દા નં. ૫ ડીફેકટ લાયાબીલીટી પીરીયડ પછી પર્ફોમન્સ સીકયોરીટી કયા કારણસર રીવાઈઝડ કરવામાં આવેલ નથી તે બાબતે રેકર્ડ આધારિત માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ રેકર્ડ પર ન હોવાથી પુરી પાડેલ નથી. આથી અરજદાર મજકુરની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી અને ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૧૫/૦૭/૨૦૧૬ ની અરજી આઈ. ડી. નં. ૪૧ ના મુદ્દા નં. ૨ અને ૫ ની માહિતી બાબતે અરજદારને તેઓની તા. ૨૩/૦૮/૨૦૧૬ ની અપીલ અરજી અન્વયે વધુ માહિતીની જરૂરિયાત હોય, તો ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી માટે કચેરીનો આગોતરા સમય મેળવી નીતિ નિયમ મુજબ અરજદારને દફતરી ઈન્સ્પેકશન આપી ખપ પુરતી નકલ તેઓને નિયમોનુસાર આપવી.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(પી. આર. શાહ)
અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) શ્રી દેવેન ચોપરા, ત્રીજો માળ, આશા એપાર્ટમેન્ટ–૧, ૧૯, રામમોહનરાય માર્ગ, લખનઉ–૨૨૬૦૦૧.
પ્રતિ....,
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે
(૩) સેકશન ઓફિસર(આર.ટી.આઈ.સેલ, સ્લમ અપગ્રેડેશનવિભાગ) પ્રતિ.....,

# સુરત મહાનગરપાલિકા

**મોબાઈલ : ૯૭૨૪૩૪૫૪૧૬**

એસયુસી/આઉટ નં./ ૦૮
તા. ૨૮/૧૦/૨૦૧૬

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/06/2016-17
તા. ૦૫.૦૮.૨૦૧૬
મો. નં. ૯૭૨૪૩૪૫૪૧૬

અરજદાર : શ્રી દિપક ઠાકોરદાસ દોશી,
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)
ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી. આઈ. એકટ હેઠળ શ્રી દિપક ઠાકોરદાસ દોશી માહિતી માંગતી અરજી આઈ. ડી. નં. ૪૩૪ તા. ૨૩/૦૫/૨૦૧૬ બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૬/૨૦૧૬–૧૭, તા. ૦૫.૦૮.૨૦૧૬

શ્રી દિપક ઠાકોરદાસ દોશીની આર. ટી.આઈ. એકટ હેઠળની આઈ.ડી.નંબર ૪૩૪, તા. ૨૩/૦૫/૨૦૧૬ ની અરજી જાહરે માહિતી અધિકારીશ્રી હિસાબી ખાતાના ઉદેશીને તા. ૨૩/૦૫/૨૦૧૬ ના રોજ કરેલ છે. જે અરજી અન્વયે અરજદાર મજકુરે નીચે જણાવેલ મુદ્દા નં. (૧) થી (૪) ની માહિતી પૂરી પાડવા જણાવેલ.

(૧) લેબર સેસ ગુજરાત સરકારશ્રી પરિપત્ર મુજબ મહાનગરપાલિકા ધ્વારા ઈજારદારના બીલમાંથી કયા સમયથી કાપવાનું શરૂ કરવામાં આવેલ હતુ.
(૨) જયારથી લેબર સેસ અમલમાં આવ્યો તો બાદ જે ઈજારદારને સેસની રકમ કાપ્યા વગર પેમેન્ટ કરવામાં આવેલ તે ઈજારદાર પાસેથી લેબર સેસ વસુલ લેવા અંગે કોઈ કાર્યવાહી કરેલ છે નહી.
(૩) લેબર સેસ અમલમાં આવ્યા પહેલા કામ પૂર્ણ થયેલ હોય પણ તેનું પેમેન્ટ લેબર સેસના કાયદા બાદ કરવામાં આવેલ હોય તે બીલ ઉપર લેબર સેસ કાપવામાં આવે કે નહી.
(૪) જે અંદાજમાં ૧ % લેબર સેસની રકમ ઉમેરી ગણતરીમાં લેવામાં આવેલ ન હોય તેવા કામોમાં લેબર સેસની રકમ કાપવાની હોય કે નહી.

અરજદાર મજકુરની આર.ટી.આઈ.એકટ હેઠળ માહિતી માંગતી અરજી આઈ.ડી.નં. ૪૩૪, તા. ૨૩/૦૫/૨૦૧૬ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને તબદીલ થઈ મળેલ નથી.

જાહેર માહિતી અધિકારી અને આસી. એકાઉન્ટન્ટશ્રીના પત્ર નં. એકા./આર.ટી.આઈ./૭૯, તા. ૦૧/૦૮/૨૦૧૬ થી અરજદાર મજકુરની પ્રથમ અપીલ નં. ૧૦૬ કાર્યપાલક ઈજનેર અને એપેલેટ અધિકારીશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને તબદીલ કરેલ. જે ઈનવર્ડ નં. એસયુસી/ઈન/નં. ૦૬, તા. ૦૫/૦૮/૨૦૧૬ થી મળેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગે તા.૧૨.૦૮.૨૦૧૬ ના પત્ર નં. એસયુસી/આ./૭૬ થી પૂરી પાડેલ માહિતીથી નારાજ થઈને અરજદાર મજકુરે અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને ઉદ્દેશીને વેસ્ટ ઝોનમાં કરેલ, જે વેસ્ટ ઝોનને ઈન્વર્ડ નં. ૨૩૫, તા. ૦૩/૦૯/૨૦૧૬ થી મળેલ. અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(રાંદેર ઝોન) તેઓના પત્ર નં. વેસ્ટ ઝોન/આર.ટી.આઈ.સેલ/૧૦૨૦, તા. ૦૭/૦૯/૨૦૧૬ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને તબદીલ કરેલ. જે અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને પત્ર નં. એસયુસી/આર.ટી.આઈ./ઈન/નં. ૦૮, તા. ૦૭/૦૯/૨૦૧૬ થી મળેલ. અરજદાર મજકુરની અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને પત્ર નં. એસયુસી/અપીલ/૧૦૫, તા. ૨૧/૦૯/૨૦૧૬ થી પત્ર લખી મૂળ અરજીની નકલ આપેલ, માહિતીની નોંધ વિભાગ, આપવાજોગ પૂરક માહિતીની વિગતો વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતા દિન–૩ માં અપીલ અધિકારી અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને પહોંચતી કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશનને તેઓના પત્ર નં. એસયુસી/ઈન/૦૫, તા. ૧૦/૧૦/૨૦૧૬ થી પુરી પાડેલ. જે જોતા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદાર મજકુરને હિસાબી ખાતાના અપીલ

અધિકારી અને મુખ્ય હિસાબનીશશ્રીના હુકમ નં. એકા./આર.ટી.આઈ./૭૭, તા. ૦૧/૦૮/૨૦૧૬ અન્વયે મુદ્દા નં. ૨ અને ૪ ની નીચેની વિગતની માહિતી તા. ૧૧/૦૮/૨૦૧૬ ના પત્ર નં. એસયુસી/આ/૭૫ થી અરજદાર મજકુરને પુરી પાડવામાં આવેલ છે.

મુદ્દા નં.૨ સદર મુદ્દાના સંદર્ભમાં જણાવવાનું કે જેમ જેમ ઈજારદારો ધ્વારા બિલ ચુકવણી માટે રજુ કરવામાં આવે છે. તેમ તેમ જો લેબર સેસ ન કાપેલ હોય તો નિયમ અનુસાર લેબર સેસની કપાત કરવાની પ્રક્રિયા ચાલુ છે.

મુદ્દા નં.૪ સદર મુદ્દાના સંદર્ભમાં જણાવવાનું કે અંદાજમાં ૧% લેબર સેસની રકમ ગણતરીમાં લેવામાં આવેલ હોય કે ન હોય, હવે લાગુ પડતા બિલોમાં લેબર સેસની કપાત કરવામાં આવે છે.

અરજદાર મજકુરની અપીલ અરજીનાં સંદર્ભમાં મજકુર અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને રૂબરૂ સુનાવણી માટે અત્રેના પત્ર નં. એસયુસી/આ./ નં. ૦૫, તા. ૧૦/૧૦/૨૦૧૬ થી પત્ર લખી તા. ૧૫/૧૦/૨૦૧૬ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે અપીલ અધિકારી અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ની સમક્ષ હાજર રહેવા જણાવેલ. જે અન્વયે અરજદાર મજકુર તા. ૧૫/૧૦/૨૦૧૬ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે હાજર રહેલ ન હતા.

ઉપરોકત હકીકત લક્ષી વિગતો ધ્યાને લેતા મુદ્દા નં. ૨ તથા ૪ નો સંદર્ભમાં અરજદાર મજકુરનેજાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તેઓના તા. ૧૨/૦૮/૨૦૧૬, પત્ર નં. એસયુસી/આર.ટી.આઈ./આઉટ વર્ડ ૭૬ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ. આથી અરજદાર મજકુરની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## –: હુકમ :–

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી અને ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૨૩/૦૫/૨૦૧૬ ની અરજી આઈ. ડી. નં. ૪૩૪ ના મુદ્દા નં. ૨ અને ૪ ની માહિતી બાબતે અરજદારને વધુ માહિતીની જરૂરીયાત હોય તો ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી માટે કચેરીના આગોતરા સમય મેળવી નીતિ નિયમ મુજબ અરજદારને દફતરે ઈન્સ્પેકશન નિયમોનુસાર આપવું. મજકુર અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. એસયુસી/આર.ટી.આઈ./આઉટ વર્ડ ૭૬, તા. ૧૨/૦૮/૨૦૧૬ થી માહિતી પુરી પાડેલ હોય, જેથી સદર અરજી દફતરે કરવા આથી હું હુકમ કરૂ છું.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(પી. આર. શાહ)
અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) શ્રી દિપક ઠાકોરદાસ દોશી , ૩૧, મૈત્રી રો હાઉસ, સર્જન સોસાયટી પાછળ, સીટી લાઈટ, સુરત

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે

(૩) સેકશન ઓફિસર(આર.ટી.આઈ.સેલ, સ્લમ અપગ્રેડેશનવિભાગ) પ્રતિ.....,

# સુરત મહાનગરપાલિકા

**મોબાઈલ : ૯૭૨૪૩૪૫૪૧૬**

એસયુસી/આઉટ નં./ ૧૦
તા. ૧૯/૧૧/૨૦૧૬

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/07/2016-17
તા. ૨૭.૧૦.૨૦૧૬
મો. નં. ૯૭૨૪૩૪૫૪૧૬

અરજદાર : શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ,
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)
ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી. આઈ. એકટ હેઠળ શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ માહિતી માંગતી અરજી આઈ. ડી. નં. ૧૨૯૬, તા. ૦૧/૦૯/૨૦૧૬ બાબત.

સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૦૭/૨૦૧૬–૧૭, તા. ૨૭.૧૦.૨૦૧૬

શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટની આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં. ૧૨૯૬, તા. ૦૧/૦૯/૨૦૧૬ ની અરજી સેન્ટ્રલ ઝોનનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેરમાહિતી અધિકારીના પત્ર નં. ૩૦૦/૨૮૭૯, તા. ૦૨/૦૯/૨૦૧૬ થી તબદીલ થઈ સ્લમ અપગ્રેડેશન વિભાગમાં SUC/RTI/In/૯૦, તા. ૦૬/૦૯/૨૦૧૬ ના રોજ મળેલ. જે અરજી અંગે અરજદાર મજકુરે ટી.પી.સ્કીમ નં. ૩૧ અડાજણમાં આવેલ આવાસ ફા.૪લોટ નં. ૧૯૧ ખાતે આવેલ છે જે આવાસ કમ્પાઉન્ડમાં આવેલ બિલ્ડીંગ નં. ૮, ૯, ૧૦ માં ફાળવેલ અસરગ્રસ્તો પૈકીના આવાસો સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા રદ કરવામાં આવેલ છે. તે રદ કરતા હુકમ તથા રીપોર્ટીંગની વિગતવાર માહિતી માંગતી અરજી પૂરી પાડવા જણાવેલ છે.

જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીએ તા. ૧૯/૦૯/૨૦૧૬ નાં રોજ પત્ર નં. આર.ટી.આઈ./આ./નં. ૧૦૨ થી જવાબ પાઠવેલ છે. જે અનુસંધાને શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા તા. ૨૨/૦૯/૨૦૧૬ નાં રોજ રસીદ નં. ૩૪૫૫ થી સે. ઝોન ખાતે ના.સુ.કે.માં રૂા. ૧૪/– ભરપાઈ કરેલ છે. જે અન્વયે અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ધ્વારા તેઓના પત્ર ના એસયુસી/આઉટ/૧૧૩, તા. ૩૦/૦૯/૨૦૧૬ થી માંગ્યા મુજબની નકલના પાના નં. ૭ પુરા પાડવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. ૧૦૨, તા. ૧૯/૦૯/૨૦૧૬ થી પુરી પાડેલ માહિતી અધુરી અપુરતી હોવાનું જણાવી અરજદારશ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ્ટ ધ્વારા તા. ૦૪/૧૦/૨૦૧૬ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગને અપીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી સી.સી.સી./આર.ટી.આઈ./આઉટ નં. ૩૯, તા. ૦૫/૧૦/૨૦૧૬ થી સેન્ટ્રલ ઝોન મારફત સ્લમ અપગ્રેડેશન સેલમાં એસયુસી/આર.ટી.આઈ./ઈનવર્ડ નં. ૧૦, તા. ૦૬/૧૦/૨૦૧૬ થી મળેલ છે. અપીલ અરજીમાં અરજદાર ધ્વારા અત્રેથી જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તે અધૂરી, અપૂરતી અને ખોટી છે તેમજ માંગેલ માહિતી પૂરી પાડેલ નથી. જેના અનુસંધાનમાં અપીલ અધિકારી અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. ૧૧૮, તા. ૧૩/૧૦/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને પત્ર લખી મૂળ અરજીની નકલ તથા આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ પહોંચતી કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. ૦૭, તા. ૨૭/૧૦/૨૦૧૬ થી અરજદાર મજકુરને તેઓના પત્ર નં. ૧૦૨, તા. ૧૯/૦૯/૨૦૧૬ થી તથા પત્ર નં. ૧૧૩, તા. ૩૦/૦૯/૨૦૧૬ થી અરજદાર મજકુરને જે માહિતી પુરી પાડવામાં આવેલ છે. તેની નકલ અપીલ અધિકારી અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રીને પહોંચતી કરેલ. વધુમાં અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રી ધ્વારા તેઓના પત્ર નં. એસયુસી/અપીલ/આઉટ/૦૯, તા. ૨૯/૧૦/૨૦૧૬ થી પત્ર લખી તા. ૦૮/૧૧/૨૦૧૬ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે બોલાવવા અરજદાર મજકુરને તથા જાહેર

માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને જાણ કરવામાં આવેલ હતા. પરંતુ અરજદાર મજકુર અપીલ અધિકારી સમક્ષ તા. ૦૮/૧૧/૨૦૧૬ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ હાજર ન હતા.

ઉપરોકત હકીકતલક્ષી વિગતો ધ્યાને લેતાં અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના તા. ૩૦/૦૯/૨૦૧૬ ના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આ./૧૧૩ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોય, અરજદાર મજકુરની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**— : હુકમ : —**

અરજદારશ્રીની તા. ૦૧/૦૯/૨૦૧૬ ની અરજી આઈ.ડી.નં. ૧૨૯૬ ની માહિતી બાબત અરજદારને વધુ માહિતીની જરૂરીયાત હોય તો ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી માટે કચેરીનાં આગોતરા સમય મેળવી નિતી નિયમ મુજબ અરજદારને દફતરી ઈન્સ્પેકશન નિયમોનુસાર આપવું. મજકુર અરજદારને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓનાં પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આઉટ વર્ડ નં. ૧૧૩, તા. ૩૦/૦૯/૨૦૧૬ થી માહિતી પૂરી પાડેલ હોય, જેથી સદર અરજી નિકાલ કરવા આથી હું હુકમ કરું છું

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(પી. આર. શાહ)
અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) શ્રી જશવંતસિંહ એ. બ્રહમભટ, બી–૪૩, ટ્રેડ હાઉસ, રીંગ રોડ, સુરત
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે
(૩) સેકશન ઓફિસર(આર.ટી.આઈ.સેલ, સ્લમ અપગ્રેડેશન વિભાગ) પ્રતિ.....,

# સુરત મહાનગરપાલિકા

એસયુસી/આઉટ નં./ ૧૧
તા. ૦૫/૧૨/૨૦૧૬

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/12/2016-17
તા. ૧૭.૧૦.૨૦૧૬
મો. નં. ૯૭૨૪૩૪૫૪૩૧

અરજદાર : શ્રી દિપક પટેલ એન્ડ હસમુખ રૈયાની,
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)
ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી. આઈ. એકટ હેઠળ શ્રી દિપક પટેલ એન્ડ હસમુખ રૈયાની માહિતી માંગતી અરજી આઈ.ડી.નં. ૧૫૧૧, તા. ૨૦/૦૩/૨૦૧૫ બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૧૨, તા. ૧૭.૧૦.૨૦૧૬

શ્રી દિપક પટેલ એન્ડ હસમુખ રૈયાની આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં. ૧૫૧૧, તા. ૨૦/૦૩/૨૦૧૫ ની અરજી ડે. ઈજનેર અને પી.આઈ.ઓ. (ઈસ્ટ ઝોન) નાં પત્ર નં. આરટીઆઈસેલ/આઉટ વર્ડ નં. ૦૮, તા. ૦૬/૦૪/૨૦૧૫ થી મુદ્દા નં. ૩ અને ૫ તબદીલ થઈ સ્લમ અપગ્રેડેશન વિભાગમાં એસયુસી/ઈનવર્ડ નં. ૦૩, તા. ૦૮/૦૪/૨૦૧૫ નાં રોજ મળેલ. જે અરજી અંગે અરજદાર મજકુરે મુદ્દા નં. ૩ બાયોમેટ્રીક સર્વે બાદ વિપરીત થયેલા સ્માર્ટકાર્ડની નકલોની પ્રમાણિત માહિતી મકાન ફાળવણીનાં ઓર્ડરોની માહિતી તેમજ મુદ્દા નં. ૫ JnNURM યોજના હેઠળ આપશ્રીનાં ઝોન કાર્ય વિસ્તારમાં વર્ષ–૨૦૧૩, વર્ષ–૨૦૧૪ અને તા. ૨૦/૦૩/૨૦૧૫ સુધી જે નાગરીકોને આવાસ "ખાસ સંજોગો"માં ફાળવ્યા હોય તેવા નાગરીકોનાં નામ, મકાન નંબરની માહિતી પૂરી પાડવા જણાવેલ છે.

જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીએ તેઓના તા. ૧૫/૦૪/૨૦૧૫ નંબર એસયુસી/આઉટ નં. ૧૧૪ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

મુદ્દા નં. ૧ બાયોમેટ્રિક સર્વે બાદ ઈજારદાર ધ્વારા જે સ્માર્ટ કાર્ડ જમા કરાવેલ છે. તે સ્માર્ટ કાર્ડ અત્રેના વિભાગ તરફથી ઝોનમાં મોકલેલ છે. તેની વિતરણ કામગીરી ઝોન ધ્વારા કરવામાં આવે છે.

મુદ્દા નં. ૨ JnNURM-BSUP યોજના અંતર્ગતનાં આવાસો ફાળવવા માટે લાભાર્થી નકકી કરવાની કામગીરી ઝોન ધ્વારા કરવામાં આવી છે. જેથી સદર મુદ્દો ઝોનને સ્પર્શે છે.

જાહેર માહિતી અધિકાર અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તેઓનાં પત્ર નં. ૧૧૪, તા. ૧૫/૦૪/૨૦૧૫ નાં રોજ પૂરી પાડેલ માહિતી અધુરી અપુરતી હોવાનું જણાવી અરજદાર શ્રી દિપક પટેલ એન્ડ હસમુખ રૈયાની ધ્વારા તા. ૧૭/૧૦/૨૦૧૬ થી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગને અપીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી કાર્યપાલક ઈજનેર અને એપેલેટ ઓફીસર ઈસ્ટ ઝોનનાં પત્ર નં. આરટીઆઈ/આઉટ/૧૦૧૩, તા. ૧૫/૧૦/૨૦૧૬ થી તબદીલ થઈ સ્લમ અપગ્રેડેશન વિભાગને એસયુસી/અપીલ/ઈન/નં. ૧૨, તા. ૧૭/૧૦/૨૦૧૬ થી મળેલ છે જેમાં માહિતી પુરી પાડવામાં નિષ્ફળ નીવડેલ છે તેમ જણાવેલ છે જેના અનુસંધાનમાં અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એસયુસી/આઉટ/નં. ૧૩૨, તા. ૦૫/૧૧/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને પત્ર લખી મૂળ અરજીની તથા આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ પહોંચતી કરવા જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓનાં પત્ર નં. ૧૩૪, તા. ૧૧/૧૧/૨૦૧૬ થી તથા પત્ર નં. એસયુસી/આઉટ/૧૧૪, તા. ૧૫/૦૪/૨૦૧૫ થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેની નકલ અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રીને પહોંચતી કરેલ.

વધુમાં સદર અપીલ અરજી તેનાં નિયત સમયમર્યાદા કરતાં મુદત વિત્યા બાદ અપીલ અરજી કરવામાં આવેલ છે.

ઉપરોકત હકીકતલક્ષી વિગતો ધ્યાને લેતાં અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તા. ૧૫/૦૪/૨૦૧૫ ના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આ./૧૧૪ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોય, અરજદાર મજકુરની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારશ્રીની તા. ૨૦/૦૩/૨૦૧૫ ની અરજી આઈ.ડી.નં. ૧૫૧૧ ની માહિતી બાબત અરજદારને વધુ માહિતીની જરૂરીયાત હોય તો ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી માટે સંબંધિત ઝોનમાં સંપર્ક કરી નિતી નિયત મુજબ અરજદાર માહિતી મેળવી શકે છે. જેથી સદર અરજી અંગે અત્રેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી. જેથી સદર અરજી નિકાલ કરવા આથી હું હુકમ કરું છું.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) શ્રી દિપક પટેલ એન્ડ હસમુખ રૈયાની, સી/૧૦૪, શિવશકિત એપાર્ટ., લાલ દરવાજા, સુરત.
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે
(૩) સેકશન ઓફિસર(આર.ટી.આઈ.સેલ, સ્લમ અપગ્રેડેશન વિભાગ) પ્રતિ.....,

# સુરત મહાનગરપાલિકા

એસયુસી/આઉટ નં./ ૧૨
તા. ૦૫/૧૨/૨૦૧૬

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/13/2016-17
તા. ૦૫.૧૧.૨૦૧૬
મો. નં. ૯૭૨૪૩૪૫૪૩૧

અરજદાર : શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી,
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)
ફરીયાદની હકીકત :

વિષય : આર.ટી. આઈ. એકટ હેઠળ શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણીની માહિતી માંગતી અરજી આઈ. ડી. નં. ૬૫૩, તા. ૨૧/૦૯/૨૦૧૬ બાબત.
સંદર્ભ : અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૧૩/૨૦૧૬–૧૭, તા. ૦૫.૧૧.૨૦૧૬

શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણીની આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં. ૬૫૩, તા. ૨૧/૦૯/૨૦૧૬ ની અરજી વેસ્ટ ઝોનમાં જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી (વેસ્ટ ઝોન) નાં પત્ર નં. વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૭૬, તા. ૨૨/૦૯/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરી(સેક્રેટરી વિભાગ) (મધ્યસ્થ કચેરી) ને તબદીલ કરવામાં આવેલ. ત્યારબાદ આસી. સેક્રેટરી અને જાહેર માહિતી અધિકારી અને આસી. સેક્રેટરીશ્રીના પત્ર નં. આરટીઆઈ/સેક્રેટરી/સ્થા. સ./આઉટ/૩૬, તા. ૨૬/૦૯/૨૦૧૬ થી તબદીલ થઈ સ્લમ અપગ્રેડેશન વિભાગમાં SUC/RTI/In/૯૭ તા. ૨૭/૦૯/૨૦૧૬ ના રોજ મળેલ છે. જે અરજી અંગે મુદ્દા નં. ૧ ઓફીસ સુપ્રીન્ટેન્ડન્ટશ્રીનાં પત્ર નં. સી/૧૬૬૨, તા. ૦૭/૦૯/૨૦૧૫ નાં પત્રથી તા. ૨૦/૦૮/૨૦૧૫ નાં રોજ મળેલ સ્થાયી સમિતિની મિટીંગમાં મ્યુ. સભ્યશ્રી પ્રવિણભાઈ પટેલના સુચન / ફરીયાદ અન્વયે ટી.પી.સ્કીમ નં. ૩૧ સ્ટાર બજાર પાછળ EWS આવાસ બિલ્ડીંગ નં. ૮, ૯, ૧૦ ની ફાળવણી થયેલ છે. તે ફાળવણીની ચકાસણી અને કાયદેસરની કાર્યવાહી કરવા જણાવેલ હતું. તે અંગે રાંદેર ઝોનનાં તત્કાલીન ઝોનલ ચીફ/કાર્યપાલક ઈજનેર ધ્વારા તપાસ રીપોર્ટ, સ્થા. સમિતિ સમક્ષ રજૂ થયેલ તે તપાસ રીપોર્ટ તથા નોટીંગ સેકશન મુદ્દા નં. ૨ આ સાથે સામેલ પત્ર (A) કાર્યપાલક ઈજનેરશ્રી, વરાછા ઝોન (B) કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા લખેલ પત્ર અંગે થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી આપવી.

જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીએ તા. ૦૬/૧૦/૨૦૧૬ નાં રોજ પત્ર નં. આર.ટી.આઈ./આ./નં. ૧૧૪ થી મુદ્દા નં. ૧ અને ૨ અન્વયેની માહિતી સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતી ન હોવાથી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (વરાછા) તથા (કતારગામ) ને તબદીલ કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકાર અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તેઓનાં પત્ર નં. ૧૧૪, તા. ૦૬/૧૦/૨૦૧૬ થી આઈ.ડી.નં. ૬૫૩, તા. ૨૧/૦૯/૨૦૧૬ ની અરજીના મુદ્દા નં. ૧ અને ૨ ની માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(વરાછા) તથા (કતારગામ) ને છતાં આજદિન સુધી માહિતી મળી નથી તેવુ જણાવી શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી ધ્વારા તા. ૦૫/૧૧/૨૦૧૬ થી અપીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી એસયુસી/આરટીઆઈ//ઈન/૧૩, તા. ૦૫/૧૧/૨૦૧૬ થી મળેલ છે. સદર અપીલ અરજીમાં પાઠવેલ માહિતી અધૂરી, અપૂરતી અને ખોટી છે તેમજ માંગેલ માહિતી પૂરી પાડેલ નથી જેના અનુસંધાનમાં અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓનાં પત્ર નં. ૧૩૯, તા. ૧૮/૧૧/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રીને પત્ર લખી મૂળ અરજીની નકલ તથા આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ પહોંચતી કરવા જણાવેલ છે. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓનો પત્ર નં. ૧૧૪, તા. ૦૬/૧૦/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(વરાછા) તથા (કતારગામ) ને મુદ્દા નં. (૧) અને (૨) ની માહિતી સ્પર્શતી ન હોવાથી તબદીલ કરેલ છે. તેની નકલ અપીલ અધિકારી અને ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રીને તા. ૨૨/૧૧/૨૦૧૬ એસયુસી/આઉટ નં./૧૪૦, તા. ૨૨/૧૧/૨૦૧૬ થી પહોંચતી કરેલ છે. સદર આરટીઆઈની મૂળ અરજી

જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (ઈસ્ટ ઝોન) તથા (નોર્થ ઝોન) પ્રતિ તબદિલ કરેલ હોય અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

ઉપરોકત હકીકતલક્ષી વિગતો ધ્યાને લેતાં અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના તા. ૦૬/૧૦/૨૦૧૬ ના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આ./૧૧૪ થી પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ હોય, અરજદાર મજકુરની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

અરજદારશ્રીની તા. ૨૧/૦૯/૨૦૧૬ ની અરજી આઈ.ડી.નં. ૬૫૩ ની માહિતી બાબત અરજદારને વધુ માહિતીની જરૂરીયાત માટે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી નોર્થ ઝોન અને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી ઈસ્ટ ઝોન પ્રતિ તા. ૦૬/૧૦/૨૦૧૬ નંબર એસયુસી/આરટીઆઈ/આઉટ/૧૧૪ થી તબદિલ કરેલ હોય સંબંધિત ઝોન પાસેથી માહિતી મેળવવા સ્વતંત્ર છે. તે મુજબ અરજીનો નિકાલ કરવા આથી હું હુકમ કરું છું.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) શ્રી ઉમેશ મગનભાઈ સાંગાણી, એમ–૪૦૩, વ્રજવિલા રેસીડેન્સી, વ્રજચોક પાસે, સરથાણા, સુરત
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે
(૩) સેકશન ઓફિસર(આર.ટી.આઈ.સેલ, સ્લમ અપગ્રેડેશન વિભાગ) પ્રતિ.....,

# સુરત મહાનગરપાલિકા

એસયુસી/અપીલ/આઉટ નં./ ૧૩
તા. ૧૬/૧૨/૨૦૧૬

અપીલ અરજી નં. એસયુસી/અપીલ/07/2016-17
તા. ૨૩.૦૮.૨૦૧૬
મોબાઈલ નં. : ૯૭૨૪૩૪૫૪૩૧

અરજદાર : શ્રી દિપક પટેલ,

સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, (સ્લમ અપગ્રેડેશન વિભાગ)

ફરીયાદની હકીકત :

**વિષય :–** આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી દિપક પટેલ માહિતી માંગતી અરજી આઈ.ડી.નં. ૧૨૧૪, તા. ૨૦/૦૮/૨૦૧૬

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસયુસી/અપીલ/૧૭/૧૬૧૭, તા. ૦૫/૧૦/૨૦૧૬

શ્રી દિપક પટેલની આર.ટી.આઈ. હેઠળ આઈ.ડી.નં. ૧૨૧૪, તા. ૨૦/૦૮/૨૦૧૬ની અરજી સે.ઝોનનાં નાગરીક સુવિધા કેન્દ્રમાં એકઝીકયુટીવ આસીસટન્ટ અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં. સીસીસી/સી.ઝેડ/આર.ટી.આઈ./આ. ૧૨૧૪, તા. ૨૨/૦૮/૨૦૧૬ થી ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ કરેલ છે. ત્યારબાદ સદર અરજી ટાઉન પ્લાનીંગ ખાતાના જાહેર માહિતી અધિકારી તથા નાયબ નગર નિયોજકશ્રીના પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/૫૧૯, તા. ૦૩/૦૯/૨૦૧૬ થી તબદિલ થઈ સ્લમ અપગ્રેડેશન વિભાગ ઈનવર્ડ નં. એસયુસી/આરટીઆઈ/ઈન/૮૯, તા. ૦૩/૦૯/૨૦૧૬ના રોજ મળેલ. જે અરજી અંગે અરજદાર મજકુરે સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ ના કર્મચારીઓને આવાસ ફાળવણીના મુદ્દા નં. ૧ થી ૧૩ ની માહિતી માંગવામાં આવેલ છે અને તે અનુસંધાને માહિતીની માંગણી કરતી અરજી આવેલ છે.

જે અનુસંધાને માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તા. ૧૪/૦૯/૨૦૧૬ ના રોજ પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આ.નં. ૯૯ થી સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ નાં કર્મચારીઓને સ્લમ અપગ્રેડેશન વિભાગ ધ્વારા કોઈ જ આવાસની ફાળવણી કરવાની કામગીરી કરવામાં આવતી નથી. તે મુજબ જણાવી જાહેર માહિતી અધિકારી તથા નાયબ નગર નિયોજકશ્રી સુરત મહાનગરપાલિકાને સદર અરજી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. ૯૯, તા. ૧૪/૦૯/૨૦૧૬ થી પૂરી પાડેલ માહિતી અધુરી/અપુરતી હોવાનું જણાવી અરજદારશ્રી દિપક પટેલ ધ્વારા તા. ૨૯/૦૯/૨૦૧૬ થી અપીલ અધિકારી અને ડે. કમિશનરશ્રી (હે. અને હો.) વિભાગને અપીલ કરવામાં આવેલ. સદર અપીલ અરજી પીએચડી/પીઓ/આરટીઆઈ/અપીલ/૮૦, તા. ૦૫/૧૦/૨૦૧૬ થી આરોગ્ય ખાતા મારફત સ્લમ અપગ્રેડેશન વિભાગમાં SUC/RTI/11, તા. ૦૭/૧૦/૨૦૧૬ થી મળેલ. અપીલ અરજીમાં અરજદાર ધ્વારા અત્રેથી જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે અધૂરી/અપૂરતી અને ખોટી છે તેમજ માંગેલ માહિતી પૂરી પાડેલ નથી. જેના અનુસંધાનમાં અપીલ અધિકારી અને ઈ.ચા. કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. ૦૬, તા. ૧૯/૧૦/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને પત્ર લખી મૂળ અરજીની નકલ તથા આપેલ માહિતીની નોંધ વિભાગ સહિતની નકલ પહોંચતી કરવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓના પત્ર નં. ૨૯૬૯, તા. ૦૮/૧૨/૨૦૧૬ થી મજકુર અરજી સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતી ન હોવાથી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રીને પત્ર નં. SUC/RTI/OUT/ નં. ૯૯, તા. ૧૪/૦૯/૨૦૧૬ થી સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ છે. અને તેની નકલ અરજદાર મજકુરને રવાના કરેલ છે.

ઉપરોકત હકીકતથી વિદિત થઈ અરજદાર મજકુરે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) એ તેઓનાં તા. ૧૪/૦૯/૨૦૧૬ ના પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આઉટ/૯૯ થી અરજદાર મજકુરની આર.ટી.આઈ. એકટ હેઠળની માહિતી માંગતી આઈ.ડી.નં. ૧૨૧૪, તા. ૨૦/૦૮/૨૦૧૬ ની અરજી જાહેર માહિતી અધિકારી અને નાયબ નગર નિયોજકશ્રીને સંપૂર્ણ તબદીલ કરેલ હોય, અરજદાર મજકુરની અપીલ અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## – : હુકમ : –

અરજદારશ્રીની તા. ૨૬/૦૮/૨૦૧૬ ની અરજી આઈ.ડી. નં. ૧૨૧૪ ની માહિતી સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ ના કર્મચારીઓના (સફાઈ કામદાર આવાસ) આવાસની ફાળવણી સંદર્ભે હોય, અરજદાર મજકુર આરોગ્ય વિભાગ/સંબંધિત ઝોનમાંથી માહિતી મેળવવા સ્વતંત્ર છે. સદર અરજી અંગે અત્રેથી કોઈ માહિતી આપવાની રહેતી નથી. જેથી સદર અરજીનો નિકાલ કરવા આથી હું હુકમ કરું છુ.

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,

(૧) શ્રી દિપક પટેલ, સી/ઓ આઈ.એ.સી. મુવમેન્ટ ટીમ અન્ના, ૪૭ નવી શકિત વિજય સોસાયટી, વરાછા રોડ, સુરત, પ્રતિ....,

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ..., જાણ તથા અમલ માટે

(૩) સેકશન ઓફિસર(આર.ટી.આઈ.સેલ, સ્લમ અપગ્રેડેશનવિભાગ) પ્રતિ.....,

(૪) જાહેર માહિતી અધિકારી અને પર્સોનલ ઓફિસરશ્રી(આરોગ્ય વિભાગ) પ્રતિ....જાણ સારૂ

| | એચ.એસ.સુથાર<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | સુરત મહાનગરપાલિકા<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. | |
|---|---|---|---|

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧૫/ ૨૦૧૬–૧૭ તા.૧૭/૧૨/૨૦૧૬

એસયુસી/અપીલ/આઉટ નં./૧૫

તા. ૨૪/૦૧ /૨૦૧૭

અરજદારઃ શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન
સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રડેશન વિભાગ)
ફરીયાદની હકીકતઃ

**વિષયઃ** આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૧૭૧૭ તા. ૦૨/૧૧/૨૦૧૬ બાબત.

**સંદર્ભ :** અરજદાર મજકુરની અપીલ અરજી નં. એસ.યુ.સી/અપીલ/ઈન/૧૫ તા.૧૭/૧૨/૨૦૧૬

શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીનની આર.ટી.આઈ એકટ હેઠળની આઈડીનં. ૧૭૧૭ તા. ૦૨/૧૧/૨૦૧૬ની અરજી જાહેર માહિતી અધિકારી શ્રી મધ્યસ્થ મહેકમ વિભાગ (પેન્શન)ને ઉદેશીને કરેલ જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકસન ઓફીસર(મહેકમ પેન્સન વિભાગ) મારફત અંગેના એસ.યુ.સી/આર.ટી.આઈ/ઈન/નં.૧૩૧ તા.૨૬/૧૧/૨૦૧૬ થી સ્લમ અપગ્રેડેશન વિભાગને મળેલ જેમાં અત્રેનો ખાતાને લગતા મુદ્દા નં. ૫,૬, અને ૭ની માહિતી પૂરી પાડવા જણાવેલ.

મુદ્દા નં. ૫ :– GAD/EST/6082 તા. ૦૬/૦૨/૨૦૧૬ માં જણાવેલ અનું ક્રમ નં. ૧ થી ૩૪ નિવૃત કર્મ. પૈકી કેટલા નિવૃત કર્મચારીઓને મળવાપાત્ર લાભોથી વંચીત રાખવામાં આવેલ જેની તેમજ કયા કરાણોસર પેન્ડિંગ રાખવામાં આવેલ છે. જેવી સ્પષ્ટ અને ચોખ્ખી માહિતી આપવી.

મુદ્દા નં. ૬:– ઓર્ડરમાં જણાવેલ નિવૃત કર્મચારીઓ પૈકી બાકી રહી ગયેલાઓની નિયત સમય મર્યાદામાં નિયમોનુસાર મળવાપાત્ર લાભોથી વંચીત રાખવા ખાતા/ઝોન ને લાગત જવાબદારો સામે કોઈ કાયદાકીય પગલા/ શિષ્ટા કરવામાં આવેલ છે કે કેમ જેની માહિતી આપવી.

મુદ્દા નં. ૭:– જાન્યુઆરી ૨૦૧૬થી ૩૧ ઓકટોમ્બર ૨૦૧૬ સુધીમાં સુરત મહાનગરપાલિકા ફરજ બજાવતા તમામ કર્મચારીઓ પૈકી કેટલા કર્મચારીઓની ૫૮ વર્ષની વયમર્યાદા થયા બાદ નિવૃત થયેલ કર્મચારીઓને મળવા પાત્ર લાભો કયારે અને કઈ તારીખે આપવામાં આવેલ છે. તેમજ બાકી રહી ગયેલાઓને કયારે લાભો આપવામાં આવશે. સ્પષ્ટ માહિતી તમામ કેટેગરીની આપવી.

અરજદાર મજકુરની આર.ટી.આઈ એકટ હેઠળ માહિતી માંગતી અરજી અન્વયે ઉપરોકત મુદ્દા નં. ૫,૬ અને ૭ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગે અરજદારશ્રીને SUC/OUT/No.147 તા. ૧૯/૧૨/૨૦૧૬ થી માહિતી પુરી પાડેલ જેનાથી નારાજ થઈને અરજદાર મજકુરે અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગને ઉદેશીને મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને તા. ૦૫/૧૨/૨૦૧૬ થી કરેલ જે અપીલ અરજી પર્સોનલ ઓફીસર કમ (મહેકમ)ના પત્ર નં. GAD/EST/5360 તા. ૧૭/૧૨/૨૦૧૬ થી અપીલ અધિકારી

અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) ને તબદીલ કરેલ જે અપીલ અરજી, અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (SUC) ને પત્ર નં. SUC/RTI/IN/15 તા. ૧૯/૧૨/૨૦૧૬ થી મળેલ .

અરજદાર મજકુરની અપીલ અરજીના સંદર્ભમાં અરજદારને તથા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (SUC) ને રૂબરૂ સુનાવણી માટે તા. ૦૬/૦૧/૨૦૧૭ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (SUC) સમક્ષ હાજર રહેવા પત્ર નં. એસ.યુ.સી/આઉટ/નં. ૧૪ તા. ૩૧/૧૨/૨૦૧૬ થી જણાવેલ પરંતુ અરજદાર મજકુર હાજર રહેલ નથી.

ઉપરોકત હકીકત લક્ષી વિગતો ધ્યાને લેતા મુદ્દા નં. ૫.૬ અને ૭ ના સંદર્ભમાં અરજદાર મજકુરને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (SUC) એ તેઓને તા. ૧૯/૧૨/૨૦૧૬ ના પત્ર નં. SUC/OUT/No.147 થી

મુદ્દા નં. (૫) અન્વયે કારણો જણાવવા એ માહિતી અધિકારના પરિપ્રેક્ષ્યમાં સમાવિષ્ટ નથી,

મુદ્દા નં. (૬) અન્વયે તેવો રેકર્ડ ઉપલબ્ધ નથી

મુદ્દા નં. (૭) અન્વયે નિયત સમયમાં તમામ લાભોની ચુકવણી કરવામાં આવેલ છે તે મુજબ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ.

**—: હુકમ : —**

અરજદારની મૂળ અરજી અપીલ અરજી અને ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી. અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રીની તા. ૦૨/૧૧/૨૦૧૬ ની અરજી આઈડી નં. ૧૭૧૭ ના મુદ્દા નં. ૫,૬ અને ૭ ની સંલગ્ન માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા સમય અવધિમાં અરજદારશ્રીને પૂરી પાડવામાં આવેલ માહિતી સબબ અરજદારશ્રી ઈચ્છુક હોય તો લાગત જાહેર માહિતી અધિકારીશ્રીનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા તેમજ જરૂરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (SUC) એ તેઓના પત્ર નં. SUC/OUT/No.147 તા. ૧૯/૧૨/૨૦૧૬ થી અરજદારને માહિતી પૂરી પાડેલ હોય અપીલ અરજી દફતરે કરવા આથી હું હુકમ કરૂ છું

જો આપ ઉપરોકત નિર્ણયથી નારાજ થયેલ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં. ૧ બીજો માળ, નિર્માણભવન પાછળ, સેકટર–૧૦/એ ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકશો.

(એચ.એસ.સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ (૧) શ્રી મતલુબઅલી ઈસ્માઈલ મોમીન,
એચ–૧૪, દાદાભાઈ નગર,મદ્રેશા સ્કુલની પાછળ,
મુ.પો.કઠોર, તા.કામરેજ,જી.સુરત–૩૯૪૧૫૦...... પ્રતિ જાણ સારૂ
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)